DCB-1601010201020402 Seat No. ______

# B. A. (Sem. II) (CBCS) (W.E.F. 2016) Examination

**July - 2022**

## Gujarati

*(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ - 2) (વિકલ્પ - 1) (Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(2) દરેક પ્રશ્નના ઉત્તર ઉત્તરવહીમાં જ આપવાના છે.

(3) દરેક પ્રશ્નોના ગુણ સરખા છે.

**1** નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **14**

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવા-પરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વ મંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતાં જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળશે. બારડોલીના ખેતરોમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદાત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે. જીવનની સુગંધ છે.

**- કાકા કાલેલકર**

**અથવા**

**1** નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **14**

કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનાતા વિષય પર પણ ભલે લેખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે, એ જ કલ્પના કિમીયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ, ક્ષણિક કે સાવ ક્ષણિકના નિરૂપણમાં અનંતતા અને અજબતા સાથે જુએ-બતાવે તે જ કલ્પનાનેત્ર. ક્ષરને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજે કાને નીકળી જવાની પ્રકૃતિવાળા શબ્દ ઝૂમખાંને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નમાં પણ તેનું રટણ કરાવે, તે જ કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ. નવું સંગીન અને બિનંગત, બિનંગત સંગીન અને નવું ઉપજાવે તે તે સાહજિક સૌંદર્યસેવક જ કવિ.

**- બળવંતરાય ઠાકોર**

**2** નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **14**

પ્રજામત (જે લોકશાહીનો પાયો છે) કેળવવો એ સ્વાતંત્ર્ય ભારતમાંની યુનિવર્સિટીએ ભજવવાનો સૌથી અગત્યનો અને મદદરૂપ નીવડે તેવો ભાગ છે. કોઈ પણ સંજોગોમાં જે કદી નમી જઈને શંકાશીલ સાધનોનો ઉપયોગ ન કરે તેવા દૃઢ ચારિત્ર્ય ધરાવનાર લોકોની આપણા દેશમાં જરૂર છે. જેઓ સારા શાસક થવાના વિચારો સેવે છે તેમણે અવશ્ય દૃઢ ચારિત્ર્ય ધરાવવું જોઈએ. સાચી લોકશાહીમાં કોઈ શાસક નહિ, પણ લોકોના સેવકો જ હોય છે એવી છાપ ભવિષ્યમાં થનાર શાસકોના મગજ પર પાડવી એ આપણી રાષ્ટ્રીય યુનિવર્સિટીનું સર્વપ્રથમ કર્તવ્ય હોવું જોઈએ.

આ ખૂબ દુ:ખની બીના છે કે, ભારતમાંના અંગ્રેજ અમલ દરમિયાન અસંખ્ય વ્યક્તિઓએ અંગ્રેજી પદ્ધતિ મુજબની કેળવણી લીધી અને ખાસ્સી બધી વૈજ્ઞાનિક અને સાહિત્યિક ખ્યાતિ મેળવી અને તેમ છતાંયે રાજકીય બાબતોની આગેકૂચમાં કોઈ દર્શનીય ફાળો આપવાને નિષ્ફળ ગયા, પરંતુ વૈજ્ઞાનિક શોધખોળના ફાળામાં આપણો દેશ બહુ જ પછાત હતો. શાથી? જવાબ ખૂબ જ દેખીતો છે કે આપણી યુનિવર્સિટી આપણા વિદ્યાર્થીઓને કેળવણીના પાયાના મૂલ્યને યોગ્ય રીતે સમજાવી શકી ન હતી.

આપણા ભાવિ નાગરિકોનું ચારિત્ર્ય-ઘડતર આપણી યુનિવર્સિટીનું બીજું સૌથી અગત્યનું અને જરૂરનું કર્તવ્ય હોવું જોઈએ. આપણી શૈક્ષણિક સંસ્થાઓની સૌથી મોટી ખામી એ છે કે, આપણા વિદ્યાર્થીઓના ચારિત્ર્યને ઘડવામાં જરૂરી ધ્યાન નથી અપાયું. ચારિત્ર્ય ઘડતરની દિશામાં કોઈ વ્યવહારુ તાલીમ વિદ્યાર્થીઓને ખૂબ જ ફાયદાકારક નીવડી શકે છે.

બંધારણ એ ફક્ત એક પ્રકારનો કાયદો છે અને જ્યારે તે બંધારણ પાળવાને બંધાયેલા લોકો સાચા સુધારકો અને ખરા દેશસેવકો અને લોકસેવકો પુરવાર થાય ત્યારે તે બંધારણ અસરકારક બની શકે. આ સંબંધમાં આપણી યુનિવર્સિટીએ જીવંત ભાગ ભજવવાનો છે. દેશ અને દુનિયાના રાજકીય માળખાનું જ્ઞાન થાય તે હેતુથી જ તેમણે વિદ્યાર્થીઓને રાજ્યશાસ્ત્રનું શિક્ષણ આપવું જોઈએ નહિ, પરંતુ વિદ્યાર્થીઓએ આ લોકશાહી યુગના ખરા નાગરિકો અને શાસકો તરીકે દેશ અને દુનિયાના બંધારણનું દેહ અને આત્મામાં રક્ષણ કરવાનું છે, માર્ગદર્શન અને સુધારા સૂચવવાના છે. અને એવી છાપ ઊભી કરવાનું તેમનું કર્તવ્ય છે.

**- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : 14

પણ સત્ય એ પારસમણિરૂપ છે, જે કામધેનુરૂપ છે. તે જડે કેમ? તેનો જવાબ ભગવાને આપ્યો છે. અભ્યાસ અને વૈરાગ્યથી, સત્યની તાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય, છતાં એકનું સત્ય તે બીજાનું અસત્ય એમ આપણે જોયા કરીશું, તેથી ગભરાવવાનું કશું કારણ નથી. જ્યાં પ્રયત્ન છે ત્યાં નોખા જણાતાં બધા સત્ય તે એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે. પરમેશ્વર પણ ક્યાં પ્રત્યેક વ્યક્તિને નોખો નથી જણાતો? છતાં તે એક જ છે એમ આપણે જાણીએ છીએ. પણ સત્યનામ જ પરમેશ્વરનું છે. તેથી જેને જે સત્ય ભાસે તે પ્રમાણે વર્તે તેમાં દોષ નથી, એટલું જ નહીં, પણ એ જ કર્તવ્ય છે, પછી તેમ કરવામાં ભૂલ હશે તો પણ તે સુધરી જવાની છે જ. કેમ કે, સત્યની શોધની પાછળ તપશ્ચર્યા હોય. આવી નિઃસ્વાર્થ શોધ કરતાં આજ લગી કોઈ માર્ગે છેવટ લગી ગયું નથી. આડે જાય કે ઠેસ વાગી જ છે; એટલે વળી તે સીધે માર્ગે ચઢી જાય છે. તેથી સત્યની આરાધના એ ભક્તિ છે, ને ભક્તિ તો 'શિશતણું સાટું' છે અથવા 'હરિનો મારગ' હોય તેમાં કાયરતાને સ્થાન નથી. તેમાં હાર જેવું કંઈ છે જ નહીં, એ 'મરીને જીવવાનો મંત્ર' છે.

- **ગાંધીજી**

3 નીચે આપેલ ગદ્યલખાણમાંથી યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી લખો : 14

રાવૈયામાં ટપાલનું દુઃખ હતું ટ્રેન શરૂ થયા પહેલાં તોરણિયા મારફત તેમાં ટપાલ આવતી હવે રાવૈયા સ્ટેશનથી ચાર જ માઈલ દૂર હતું પણ ટપાલની વ્યવસ્થા જૂની જ કાયમ રહી હતી તેથી એક દિવસ નકામો જતો રેલ્વેમાં નવી લાઈન થાય નવું સ્ટેશન થાય તેમાં પોસ્ટખાતાને શું એ ખાતું તો સ્વતંત્ર છે ના

**અથવા**

3 નીચે આપેલ ગદ્યલખાણમાંથી યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી લખો : 14

શબરી ક્યાં નૈવેધનો વિધિ ભણવા ગઈ હતી એ બિચારીએ પ્રભુને બોર ધરાવ્યાં ત્યારે પાસે બેઠેલા કોઈકે પૂછ્યું કે ખાટાં તો નથી ત્યારે એણે ઉત્તર આપ્યો કે એકેએક કરડી ચાખીને લાવી છું પ્રભુએ બોર સ્વીકાર્યાં માટે અમે તો સ્પષ્ટ કબૂલ કરીશું કે પ્રભુના રહસ્યો જેવાં આ સાદાં ભોળાં અજ્ઞાન ભાસતાં મનુષ્યોને સમજાયાં હોય છે તેવાં આપણી મૂર્ખ વિદ્વતાને સ્વપ્નામાં પણ ભાસ્યાં હોતાં નથી

4 તત્પુરુષ અને બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. 14

**અથવા**

4 કર્મધારય અને ઉપપદ સમાસની વ્યાખ્યા આપી વિગતે દૃષ્ટાંત સાથે સમજાવો. 14

5 નીચે આપેલ **ચાર (04)** પૈકી કોઈપણ **બે (02)** પ્રશ્નના જવાબ આપો : 14

(1) નીચે આપેલ રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવો :

(1) કાગનો વાઘ કરવો

(2) ઉચાળા ભરવા

(3) અદબ તોડવી

(4) કોણીએ ગોળ લગાડવો

(5) વાળ વાંકો થવો

(6) શેર લોહી ચડવું

(7) પાશેરીમાં પહેલી પૂણી

(2) નીચે આપેલ કહેવતનો અર્થ આપો :

(1) પાટલી બદલવી

(2) નવરો નખોદ વાળે

(3) એક હાથે તાળી ના પડે

(4) જેવી કરણી એવી ભરણી

(5) નહીં મામા કરતાં કાણો મામોય સારો

(6) આબરૂના કાંકરા થવા

(7) પારકી આશા સદા નિરાશા

(3) નીચે આપેલ રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવો :

(1) થૂંકેલું ગળવું

(2) એકનું બે ન થવું

(3) ઘોળીને પી જવું

(4) ભાવ પૂછવો

(5) ચૌદમું રતન

(6) લોહીનું પાણી કરવું

(7) આંખ મીચાવી

(4) નીચે આપેલી કહેવતનો અર્થ આપો :

(1) ચોરનો ભાઈ ઘંટી ચોર

(2) કાંટા વિના ગુલાબ ના હોય

(3) બોલે તેના બોર વેચાય

(4) અધૂરો ઘડો છલકાય ઘણો

(5) ઊજળું એટલું દૂધ નહિ

(6) કાંકરે કાંકરે પાળ બંધાય

(7) રાત થોડીને વેશ ઝાઝા